ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**
**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ**
ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૩/૧૯–૨૦/ 147 તારીખ : 6 JAN 2020

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**મે. પેરેડાઈઝ સેનેટરીવેર પ્રા.લી.,**
પોસ્ટ બોક્ષ નં.૧૮,
જામવાડીથી ખાખરવાડીના રસ્તે,
ખાખરવાડી, થાનગઢ – ૩૬૩ ૫૩૦.
**ફો.નં. (૦૨૭૫૧) ૨૯૬૨૨૦૨.**

કેસ નં.૭૩/૧૯–૨૦

**વિષય : બળેલ ટ્રાન્સફોર્મરનો ચાર્જ વસુલવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર અત્રેની કચેરીને મળ્યા તા.૨૬/૦૯/૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૩/૧૯–૨૦/૩૯૦૭ તા.૦૪/૧૦/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૩/૧૯–૨૦/૪૦૦૩ તા.૧૦/૧૦/૨૦૧૯.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૩/૧૯–૨૦/૪૮૮૦ તા.૦૪/૧૨/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૪/૧૦/૧૯ તથા તા.૧૭/૧૨/૧૯** નાં રોજ રૂબરૂ રજુઆત કરવા માટે હાજર રહેવા જણાવેલ, જેમાં તમો એકપણ વખત હાજર રહેલ નથી. આપની રજુઆતનાં સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

........*ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **થાનગઢ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૭૩/૧૯–૨૦** ☜

વાદી :– મે. પેરેડાઈઝ સેનેટરીવેર પ્રા.લી.

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ**:– ૨૪.૧૦.૧૯ તથા ૧૭.૧૨.૧૯ ◈

હાજર રહયા :– ગેરહાજર

પ્રતિવાદી :– (૧) શ્રી એચ. પી. રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.
(૨) શ્રીમતિ જે. આર. રત્તુ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

મે. પેરેડાઈઝ સેનેટરીવેર પ્રા.લી., મુ.થાનગઢ, તા.જી.સુરેન્દ્રનગરની બળેલ ટ્રાન્સફોર્મરનો ચાર્જ વસુલવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૩/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૭૩/૧૯–૨૦/૩૯૦૭ તા.૦૪.૧૦.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૪.૧૦.૧૯ તથા તા.૧૭.૧૨.૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી એકપણ મુદતમાં હાજર રહેલ નથી તથા પ્રતિવાદી તરફે(૧) શ્રી એચ. પી. રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર તથા (૨) શ્રીમતિ જે. આર. રત્તુ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત**:– **ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો ગ્રાહક નં.૨૭૭૪૯૦૦૩૭૨૦ થી ૧૦૦ KW નું LTMD વીજજોડાણ ધરાવતાં હતાં. અમારે ત્યાં ૧૦૦ કે.વી.એ.નું ટ્રાન્સફોર્મર લાગેલ હતું, જે ટી.સી. બળી જતાં અમોને ટ્રાન્સફોર્મર બળેલાનાં પીજીવીસીએલ નાં મેકસીમમ રીપેરીંગ ખર્ચ ચાર્જ રૂા.૩૨૫૮૫/– ભરાવેલ, જે નિયમ વિરૂધ્ધ અમોને ભરાવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૨ જી.ઈ.આર.સી.ના નિયમ મુજબ ગ્રાહકને મીટર સુધી પાવર પહોંચાડવાની જવાબદારી જે તે વીજકંપનીની હોય છે. અમોએ LT TO HT માટે એસ્ટીમેટ ભરેલ પરંતુ તે પહેલા બીલમાં ચડાવી દેવાથી તેનું વ્યાજ દર મહીને આવતું હતું, તેથી આપ સાહેબને જણાવવાનું કે ટ્રાન્સફોર્મર બળેલાનો ચાર્જ તથા વ્યાજની રકમ પાછી આપવા વિનંતી.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ પેરેડાઈઝ સેનેટરીવેર પ્રા.લી. એ એલ.ટી.એમ.ડી. કનેકશન ધરાવે છે. તેઓને સપ્લાય કોડ ૨૦૧૫ ના કલોઝ નં.૪.૯૫ મુજબ તેઓની વીજમાંગ ૪ વખત ૫ % થી વધારે કનેકશન ચાલુ થયા ત્યારથી આવતાં તેઓને સુવોમોટો હેઠળ થાન પેટા વિભાગીય કચેરી હેઠળ આઉટવર્ડ નં.૫૪૩૫ તા.૨૨.૦૬.૧૮ ના રોજ આર.પી.એ.ડી. થી નોટીસ આપવામાં આવેલ.

૨.૨ પેરેડાઈઝ સેનેટરીવેર પ્રા.લી.ને આખરી નોટીસ વિભાગીય કચેરી દવારા એસ.એન.ડી./ટિક–૨/૮૦૯૪ તા.૦૪.૦૮.૧૮ ના રોજ આપવામાં આવેલ.

૨.૩ પીજીવીસીએલ કંપનીએ જયારે પેરેડાઈઝ સેનેટરીવેર પ્રા.લી.નું કનેકશન એપ્રિલ–૧૭ થી ૧૦૦ કીલોવોટની સાથે એવરેજ ૧૮૬.૫૦ કીલોવોટની ડીમાન્ડ વાપરેલ છે. એટલે કે ૮૭ કીલોવોટ ડીમાન્ડ વાપરતાં.

૨.૪ પીજીવીસીએલ દવારા સુવોમોટોની નોટીસ આપ્યા બાદ ટ્રાન્સફોર્મર બળતા કંપનીને આર્થિક નુકશાન થતાં, ગ્રાહક પાસેથી બળેલ ટ્રાન્સફોર્મર પેટે ચાર્જ વસુલવામાં આવેલ છે.

૨.૫ પેરેડાઈઝ સેનેટરીવેર પ્રા.લી.ને એચ.ટી. એસ્ટીમેટ ભરવા માટે ૧૫ દિવસની ટાઈમલીમીટ આપેલ હતી. જે ન ભરાતાં ગ્રાહકનાં લેઝરમાં ડેબીટ કરવામાં આવેલ, જેથી જે ડી.પી.સી. આવેલ છે તે કંપનીના નિયમ મુજબ લેઝરમાંઓટો ડેબીટ થયેલ છે, જે ગ્રાહકે ભરવાપાત્ર છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ મુકેલ આધાર પુરાવાને ધ્યાને લઈ નીચે મુજબ તારણ છે.**

૩.૧ વાદી મે.પેરેડાઈઝ સેનેટરીવેર પ્રા.લી.નાં નામનું ૧૦૦ KW નું થ્રી ફેઈઝ વીજજોડાણ LTMD ટેરીફ હેઠળ ગ્રાહક નં.૨૭૭૪૯/૦૦૩૭૨/૦ થી ગામ–થાનગઢમાં ધરાવે છે.

૩.૨ પ્રતિવાદીએ નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ દરમ્યાન વાદીનાં LTMD વીજજોડાણમાં કરારીત વીજમાંગ અને ૧૦૦ KW કરતાં વધારે વીજમાંગ રેકર્ડ થતાં પ્રતિવાદીએ વાદીને સપ્લાય કોડનાં કલોઝ નં.૪.૯૫ મુજબ LTMD ટેરીફમાંથી એચ.ટી. વીજજોડાણ કરવા માટે નોટીસ આપેલ.

૩.૩ વર્ષ ૨૦૧૭–૧૮ દરમ્યાન નીચે મુજબ વાદીનાં વીજજોડાણનાં મીટરમાં મેકસીમમ ડીમાન્ડ રેકર્ડ થયેલ.

| માસ | કરારીત વીજમાંગ | ખરેખર નોંધાયેલ વીજમાંગ |
|---|---|---|
| ઓકટો–'૧૭ | ૧૦૦ KW | ૧૮૭ KW |
| જાન્યુ–'૧૮ | ૧૦૦ KW | ૧૭૮ KW |
| ફેબ્રુ.–'૧૮ | ૧૦૦ KW | ૧૯૦ KW |
| માર્ચ–'૧૮ | ૧૦૦ KW | ૧૯૨ KW |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

આમ, વાદીનાં કરારીત વીજમાંગ ૧૦૦ KW સામે સરેરાશ વીજમાંગ ૧૮૭ KW નોંધાયેલ જેથી પ્રતિવાદી એ વાદીને સપ્લાય કોડના સેકશન ૪.૯૫ મુજબ એચ.ટી. વીજજોડાણ કરવા નોટીસ આપેલ.

૩.૪ ત્યારબાદ પ્રતિવાદીએ વાદીનું ટ્રાન્સફોર્મર બળી જતાં વાદીને રૂા.૩૨,૫૮૫/– ટ્રાન્સફોર્મર રીપેરીંગનો ચાર્જ પેટે ભરવા માટે નોટીસ આપેલ, જે વાદીએ પ્રતિવાદીની કચેરીમાં તા.૦૬.૦૨.૧૯ ના રોજ ભરપાઈ કરી આપેલ. આથી વાદીએ ફોરમને રૂા.૩૨,૫૮૫/– રીફન્ડ લેવા માટે રજુઆત કરેલ છે તેમજ તેના પર લાગેલ ડીલે પેમેન્ટ ચાર્જ પરત મેળવવા અરજી કરેલ છે.

૩.૫ પ્રતિવાદીએ વાદીને સપ્લાય કોડનાં કલોઝ નં.૪.૯૫ મુજબ આપેલ નોટીસ યોગ્ય છે અને તે મુજબ પ્રતિવાદીએ આગળ કાર્યવાહી હાથ ધરેલ નથી પરંતુ વાદી પાસેથી ટ્રાન્સફોર્મર બળી જવાનો અને રીપેરીંગના ખર્ચ પેટે વસુલ કરેલ રૂા.૩૨,૫૮૫/– યોગ્ય અને નિયમોનુસાર નથી.

૩.૬ વાદીએ ફોરમને કરેલ રજુઆતને ધ્યાને લઈ ઉપરોકત તારણ નં.૩.૫ મુજબ વાદીને રૂા.૩૨,૫૮૫/– તેમના ખાતામાં જમા આપવા હુકમ કરે છે.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૬ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

ગેરહાજર
**(પી. એન. આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૭.૧૨.૨૦૧૯**

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar